અનુસંધાન... પાના પહેલાનું

સ્ટેજ પર ચેટ...

દેખાયા. તેઓએ એકબીજાના હાથ પકડવાને બદલે માત્ર પોતાની મુઠ્ઠીઓ હવામાં ઊંચી કરી. ઓલ્ટમેને પાછળથી સ્વીકાર્યું કે, "હું ખરેખર મૂંઝવણમાં હતો કે મારે શું કરવાનું છે, એટલે મેં બસ મુઠ્ઠી ઊંચી કરી દીધી."

આ અણબનાવ પાછળનો ઈતિહાસ

આ માત્ર એક સંયોગ નહોતો, પણ વર્ષોથી ચાલી આવતી સ્પર્ધાનું પરિણામ હતું.

જૂના સાથીઓ: 40 વર્ષીય સેમ ઓલ્ટમેન અને તેમનાથી ત્રણ વર્ષ મોટા ડારિયો એમોડેઈએ 2019 સુધી OpenAIમાં સાથે કામ કર્યું હતું. એમોડેઈ ત્યાં રિસર્ચના વાઈસ પ્રેસિડેન્ટ હતા. (GPT-2 અને GPT-3 ના વિકાસમાં તેમનો મોટો ફાળો હતો).

વિચારધારામાં તફાવત: 2020માં એમોડેઈ અને તેમની બહેન ડેનિએલાએ OpenAI સાથે છેડો ફાડ્યો. તેમનું માનવું હતું કે કંપની સુરક્ષાને બદલે વ્યવસાયિક નફા પર વધુ ધ્યાન આપી રહી છે.

નવી શરૂઆત: OpenAI છોડ્યા બાદ એમોડેઈ ભાઈ-બહેને Anthropicની સ્થાપના કરી, જે આજે OpenAIની સૌથી મોટી હરીફ કંપની છે.

જાહેરાતો દ્વારા શાબ્દિક પ્રહાર

તાજેતરમાં 'સુપર બાઉલ' દરમિયાન એન્થ્રોપિકે જાહેરાતો આપીને OpenAI ની મજાક ઉડાવી હતી, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે ટૂંક સમયમાં AI માં પણ જાહેરાતો (Ads) આવશે, પણ 'ક્લોડ' (Claude) માં નહીં. આના જવાબમાં ઓલ્ટમેને સોશિયલ મીડિયા પર વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, "એન્થોપિકની આ વાત ખોટી છે અને ટેક્સાસમાં જેટલા લોકો ક્લોડ વાપરે છે તેનાથી વધુ લોકો ફ્રીમાં ChatGPT વાપરે છે."

AI જગતઃ એક નાનું વર્તુળ

રસપ્રદ વાત એ છે કે દુનિયાની સૌથી મોટી AI કંપનીઓના સ્થાપકો ક્યાંક ને ક્યાંક એકબીજા સાથે જોડાયેલા છેઃ

પેપાલ માફિયાઃ જેમ ઈલોન મસ્ક અને પીટર થિયેલ પેપાલમાંથી નીકળીને મોટી કંપનીઓ બનાવી, તેમ જ OpenAIમાંથી નીકળેલા લોકોએ Anthropic, Perplexity અને Safe Superintelligence જેવી કંપનીઓ સ્થાપી છે.

ગૂગલ ડીપમાઇન્ડઃ આ કંપની પણ 'ફાઉન્ડર ફેક્ટરી' ગણાય છે, જ્યાંથી 200થી વધુ ભૂતપૂર્વ કર્મચારીઓએ પોતાના સ્ટાર્ટઅપ્સ શરૂ કર્યા છે.

AIના લોકશાહીકરણ...

ભારપૂર્વક કહ્યું કે ભારત પ્રતિભા, ઉર્જા ક્ષમતા અને સ્પષ્ટ નીતિના આધારે AIમાં ભાગ્ય અને ભવિષ્ય જુએ છે. ભારત મંડપમ ખાતે વિશ્વના નેતાઓની ઉપસ્થિતિમાં મોદીએ કહ્યું, હું AI માટે MANAV વિઝન રજૂ કરું છું, જ્યાં M એટલે નૈતિક પ્રણાલીઓ, A એટલે જવાબદાર શાસન, N એટલે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ, A એટલે સુલભ અને સર્વસમાવેશક અને V એટલે માન્ય અને કાયદેસર.

AI સમિટમાં...

ટેક્નોલોજી અને ઇનોવેશન ક્ષેત્રના વિવિધ હિતધારકો એકઠા થયા હતા. મોદીએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ચર્ચાઓ સમજદારીભરી અને ભવિષ્યલક્ષી હતી, જે AI ને જવાબદારીપૂર્વક સ્કેલ કરવા, વૈશ્વિક સહયોગને મજબૂત કરવા અને વિકાસની તકો ખોલવા પર કેન્દ્રિત હતી. અગાઉ દિવસ દરમિયાન, વડાપ્રધાને રાષ્ટ્રીય રાજધાનીમાં 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026'નું ઉદ્ઘાટન કર્યું હતું.

મોદીના પ્રવચનનું...

અને સર્વસમાવેશકતા પ્રત્યે ભારતની અટલ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમના ભાષણ દરમિયાન AI ટેક્નોલોજી દ્વારા સાઇન લેંગ્વેજમાં રિયલ-ટાઇમ અનુવાદ કરવામાં આવ્યો હતો, જેણે એ સુનિશ્ચિત કર્યું કે દિવ્યાંગ વ્યક્તિઓ પણ આ કાર્યક્રમમાં પૂર્ણપણે સહભાગી થઈ શકે. આ ભાષણનું 11 ભાષાઓમાં લાઈવ ડબિંગ કરવામાં આવ્યું હતું.

બિલ ગેટ્સે ઇન્ડિયા...

ફાઉન્ડેશનના પ્રવક્તાએ આ વાતનો વિરોધ કરતા કહ્યું હતું કે તેઓ ખરેખર ભાગ લઈ રહ્યા છે.

રૂ. 70,000 કરોડનું...

એક મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. એક લોકપ્રિય બિલિંગ સોફ્ટવેર પ્લેટફોર્મના કથિત દુરુપયોગ દ્વારા વર્ષ 2019-20 થી અત્યાર સુધીમાં અંદાજે 70,000 કરોડનું વેચાણ છુપાવવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. આવકવેરા વિભાગને જાણવા મળ્યું છે કે અનેક ખાણી-પીણીના એકમોએ આ સોફ્ટવેરનો ઉપયોગ કરીને મોટા પાયે ટર્નઓવર છુપાવ્યું છે.

શેરબજારમાં...

1.75 ટકા ગગડીને 82,264.20 ની ઇન્ટ્રાડે નીચી સપાટીએ પહોંચ્યો હતો. BSE લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 6.79 લાખ ક્રોડ (રૂ. 6,79,210.1 ક્રોડ) ઘટીને રૂ. 465 લાખ ક્રોડ (રૂ. 4,65,22,014.57 ક્રોડ અથવા 5.13 ટ્રિલિયન ડોલર) થયું છે.

AIને સર્વસુલભ...

શિસ્તબદ્ધ અને રાષ્ટ્ર નિર્માણ માટેની મૂડી છે - જે આગામી દાયકાઓ માટે ટકાઉ આર્થિક મૂલ્ય અને વ્યૂહાત્મક મજબૂતાઇ બનાવવા માટે તૈયાર કરવામાં આવી છે.

માઇક્રોસોફ્ટના સૌથી...

કરવાની જરૂર છે. તેમણે ગ્લોબલ સાઉથમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેમાં ડેટા સેન્ટર્સ, કમ્પ્યુટિંગ, વધુ કનેક્ટિવિટી અને વીજળીનો સમાવેશ થાય છે.

દિલ્હી ડાયરી...

વકીલ અહેમદને પરેશાન કરી રહેલા ટોળા સામે અડગ ઊભા રહીને હિમત બતાવી હતી. બ્રિટાસ કદાચ આ વિવાદ બાદ આ શહેરની મુલાકાત લેનારા પ્રથમ સંસદસભ્ય છે.

એપ્સ્ટિન ફાઈલ્સમાં બિલ ગેટ્સનું વાસ્તવિક ચરિત્ર પ્રગટ કરવામાં આવ્યું છે

બિલ ગેટ્સ જ્યાં જાય ત્યાં વિવાદ તેમનો પીછો કરે છે. તાજેતરમાં તેમનો આફ્રિકાનો પ્રવાસ એપ્સ્ટિન ફાઈલમાં તેમનું નામ ખરાબ રીતે આવવાને કારણે રદ કરવામાં આવ્યો હતો. હવે ભારતમાં પણ તેઓ કફોડી હાલતમાં મૂકાઈ ગયા છે. ગેટ્સ ફાઉન્ડેશનના સહ-સ્થાપક અને પીઢ દાનવીર બિલ ગેટ્સ રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાઈ રહેલી ઈન્ડિયા એઆઈ સમિટમાં ગુરુવારે પોતાનું મુખ્ય ભાષણ આપવાના હતા, પણ તે ભાષણ વિવાદોને કારણે રદ કરવાની ફરજ પડી છે. આયોજકોએ જણાવ્યું હતું કે સમિટનું ધ્યાન તેના મુખ્ય વિષયો અને પ્રાથમિકતાઓ પર રહે તે સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગેટ્સ ફાઉન્ડેશને સ્પષ્ટતા કરી છે કે ભારતમાં તેના કાર્યમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ફાઉન્ડેશન ભારત સાથે આરોગ્ય અને વિકાસ લક્ષ્યો પર કામ કરવાનું ચાલુ રાખશે. આ નિર્ણય ફક્ત સમિટના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો. ભારતમાં તેની ભાગીદારી અને પહેલને સંપૂર્ણ તાકાતથી ચાલુ રાખશે.

તાજેતરમાં, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકાના સેક્સ અપરાધી જેફરી એપ્સ્ટેઇન સંબંધિત દસ્તાવેજો જાહેર કર્યા હતા. આ ફાઇલોમાં બિલ ગેટ્સનું નામ પણ ઉલ્લેખિત છે. અલગ-અલગ બેચમાં પ્રકાશિત થયેલી આ ફાઇલોમાં ગેટ્સ વિશેનાં એવાં નિવેદનો છે, જે ન તો કોઈ નક્કર પુરાવા દ્વારા સમર્થિત છે અને ન તો કાનૂની કાર્યવાહીની ખાતરી આપે છે. જો કે, તેમના વિશે કરવામાં આવેલા દાવાઓએ અટકળોને વેગ આપ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એપ્સ્ટેઇન ફાઇલોમાં બિલ ગેટ્સનું નામ આવવાને કારણે સરકારી વર્તુળોમાં થોડો ખંચકાટ હતો.

અમેરિકન મેગેઝિન ધ રોલિંગ સ્ટોન અનુસાર બિલ ગેટ્સ અને એપ્સ્ટેઇન પહેલી વાર ૨૦૧૧ માં મળ્યા હતા. આ મુલાકાત રાત્રિભોજન દરમિયાન થઈ હતી. મેલાની એસ. વોકરે, જેમણે એપ્સ્ટેઇન હેઠળ તાલીમ લીધી હતી અને પછીથી ગેટ્સ ફાઉન્ડેશનમાં ટોચના સલાહકાર બન્યા હતા. તેમને એક સાથે લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા તાજેતરમાં જેફરી એપ્સ્ટેઇન સંબંધિત જાહેર કરાયેલા દસ્તાવેજો અને તપાસ એજન્સીઓના અહેવાલોમાં બિલ ગેટ્સ વિશે અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. એપ્સ્ટેઇન દ્વારા લખાયેલા ઈમેલ અને દાવાઓ પર આધારિત આ દસ્તાવેજો ઘણાં તથ્યો જાહેર કરે છે. એપ્સટાઇને ૨૦૧૩ માં પોતાને મોકલેલા એક ઇમેઇલમાં કહ્યું હતું કે બિલ ગેટ્સે રશિયન છોકરીઓ સાથે સંપર્ક કર્યા પછી કથિત રીતે કબૂલ્યું હતું કે તેમને જાતીય રોગો થયા હતા. ઇમેઇલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ગેટ્સે એપ્સટાઇને એન્ટિબાયોટિક્સ આપવા કહ્યું હતું, જે તે તેની પત્ની મેલિન્ડાને તેની જાણ વગર આપી શકે. ફાઇલોમાં એપ્સટાઇને દાવો કર્યો છે કે તેણે બિલ ગેટ્સને પરિણીત મહિલાઓ સાથે ગુપ્ત મીટિંગો ગોઠવવામાં મદદ કરી હતી. આ ઉપરાંત, બિલ ગેટ્સને દવાઓ અને બ્રિજ ટુર્નામેન્ટ માટે એડરલ નામની દવા પૂરી પાડવાનો પણ ઉલ્લેખ છે. ફાઇલોમાં બિલ ગેટ્સના ઘણી મહિલાઓ સાથેના ફોટોગ્રાફ્સ પણ સામેલ છે, જેમની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. દસ્તાવેજોમાં બિલ ગેટ્સે એપ્સટાઇનના ખાનગી ટાપુ લિટલ સેન્ટ જેમ્સની મુલાકાત લીધી હોવાનો પણ ઉલ્લેખ છે. એપ્સટાઇન દ્વારા આ ઇમેઇલ્સ ત્યારે લખવામાં આવ્યા હતા જ્યારે બિલ ગેટ્સે તેમનાથી અંતર બનાવવાનું શરૂ કર્યું હતું. ગેટ્સના સહયોગીઓ, જેમ કે બોરિસ નિકોલિક, માને છે કે એપ્સટાઇને બિલ ગેટ્સને બદનામ કરવાનો અથવા ફસાવવાનો પ્રયાસ કર્યો હતો,

કારણ કે ગેટ્સે એપ્સટાઇનને તેમના ચેરિટી પ્રોજેક્ટોમાંથી મોટું કમિશન ચૂકવવાનો ઇનકાર કર્યો હતો. બિલ ગેટ્સની ભૂતપૂર્વ પત્ની મેલિન્ડા ફ્રેન્ચ ગેટ્સે આ ખુલાસાઓ પર એક નિવેદન જારી કર્યું છે. તેણીએ કહ્યું છે કે એપ્સટાઇન ફાઇલોમાંની વિગતો તેમના લગ્નજીવનના ખૂબ જ પીડાદાયક સમયની યાદોને તાજી કરે છે.

ગેટ્સ ફાઉન્ડેશનના ખુલાસા અનુસાર બિલ ગેટ્સે એપ્સટિનને મળવાની જરૂરિયાત અનુભવી હતી, કારણ કે તેઓ માનતા હતા કે એપ્સટિન વૈશ્વિક આરોગ્ય કાર્ય માટે અબજો ડોલર એકત્ર કરવામાં મદદ કરી શકે છે. તે સમયે, બિલ ગેટ્સ તેમની ગિવિંગ પ્લેજ પહેલ માટે વિશ્વના સૌથી ધનિક લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને ફાઉન્ડેશનમાં કેટલાંક લોકો માનતા હતા કે એપ્સટિન એક અબજોપતિ છે, જે ફાળો આપી શકે છે.

બિલ ગેટ્સે ઘણી વખત એપ્સ્ટેઇનને મળવાની પુષ્ટિ કરી છે (ઓછામાં ઓછા ૨૦૧૧ થી ૨૦૧૪ સુધી). આ બેઠકો મુખ્યત્વે ન્યૂ યોર્કમાં એપ્સ્ટેઇનના ઘરે ડિનર અથવા મીટિંગના સ્વરૂપમાં થતી હતી. ગેટ્સે જણાવ્યું હતું કે તેમનો હેતુ વૈશ્વિક આરોગ્ય અને પરોપકાર માટે ભંડોળ એકત્ર કરવા માટે જોડાણો બનાવવાનો હતો.

માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક અને ગેટ્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ બિલ ગેટ્સે આંધ્ર પ્રદેશની મુલાકાત લીધી હતી. રાજ્ય સરકારે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જો કે, એપ્સટિન ફાઇલ્સમાં બિલ ગેટ્સનું નામ આવવા અને સેક્સ અપરાધી જેફરી એપ્સટિન સાથેના તેમના સંબંધોને ધ્યાનમાં રાખીને લોકોએ આ કાર્યક્રમની ટીકા કરી છે. અમેરિકન અબજોપતિ પર તેમનાં ઉત્પાદનો માટે ભારતનો ઉપયોગ પ્રયોગશાળા તરીકે કરવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે.

એપ્સટાઇનની નવી ફાઇલોમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, તેમની પત્ની ઇવાન્કા ટ્રમ્પ, ઉદ્યોગપતિ એલોન મસ્ક, માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ, એહુદ બરાક, લેરી સમર્સ, બિલ રિચાર્ડસન, પ્રિન્સ એન્ડ્રુ, સારાહ ફર્ગ્યુસન, માઈકલ જેક્સન, મિક જેગર, કેવિન સ્પેસી, ડાયના રોસ અને ક્રિસ ટકર, વોલ્ટર ક્રોનકાઇટ, વુડી એલન, રિચાર્ડ બ્રેન્સન, પીટર થિએલ, લેસ વેક્સનર, નોઆમ ચોમ્સ્કી અને સ્ટીફન હોકિંગ વગેરેનાં નામ શામેલ છે.એપ્સ્ટેઇનની ફાઇલોમાં બિલ ગેટ્સના અનેક રશિયન મહિલાઓ સાથેના જાતીય સંબંધોનો ખુલાસો થયો છે, જેના કારણે તેમને જાતીય રોગ થયો હતો, જે તેમણે તેમની પત્ની મેલિન્ડા ગેટ્સને પણ આપ્યો હતો, જેના માટે તેમણે એન્ટિબાયોટિક દવાની વ્યવસ્થા કરી હતી. એપ્સ્ટેઇનની નવી ફાઇલોમાં એ પણ ખુલાસો થયો છે કે લગભગ ૨૫ વર્ષ પહેલાં ન્યુજર્સીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર એક મહિલાને બ્લોજોબ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ૧૩ થી ૧૪ વર્ષની છોકરીએ ટ્રમ્પને બ્લોજોબ આપતી વખતે કરડ્યો હતો. તેના પર હસ્યા પછી તેના મોઢામાં મુક્કો મારવામાં આવ્યો હતો.

અમેરિકાના ન્યાય વિભાગે જણાવ્યું હતું કે તેણે એપ્સ્ટેઇન સંબંધિત ૩૦ લાખથી વધુ પાનાંઓની યાદી બહાર પાડી છે. આમાં ૨,૦૦૦ થી વધુ વિડિઓઝ અને લગભગ ૧,૮૦,૦૦૦ ફોટોગ્રાફ્સનો સમાવેશ થાય છે. ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે જણાવ્યું હતું કે ફાઇલો જાહેર કરતાં પહેલાં વ્યાપક તપાસ કરવામાં આવી હતી અને પીડિતો વિશેની સંવેદનશીલ માહિતી છુપાવવામાં આવી હતી. ન્યાય વિભાગે જણાવ્યું છે કે આ ફાઇલોની ચકાસણી અથવા વર્ગીકરણમાં વ્હાઇટ હાઉસની કોઈ ભૂમિકા નહોતી. વિભાગે એ પણ સંકેત આપ્યો છે કે આ એપ્સ્ટેઇન સંબંધિત ફાઇલોનું છેલ્લું મોટું પ્રકાશન હોઈ શકે છે. જેફરી એપ્સટિનનું ૨૦૧૯ માં જેલમાં મૃત્યુ થયું હતું જ્યારે તેઓ સેક્સ ટ્રાફિકિંગના આરોપોમાં કેસનો સામનો કરી રહ્યા હતા. બિલ ગેટ્સે અગાઉ કહ્યું હતું કે તેમને એપ્સટિન સાથેની તેમની સંડોવણીનો અફસોસ છે. બિલ અને મેલિન્ડા ગેટ્સે ૧૯૯૪ થી ૨૦૨૧ સુધી લગ્ન નિભાવ્યા હતા. મેલિન્ડાએ જણાવ્યું હતું કે ગેટ્સના એપ્સટિન સાથેના સંબંધો અને જોડાણ તેમના છૂટાછેડાનાં કારણોમાંનું એક હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી વીઆઈપી કલ્ચરને નાબૂદ કરવાની વાત કરે છે, પણ તેમણે ઓચિંતું આગમન કરીને તમામ સ્ટોલધારકોને વીઆઈપી કલ્ચરનો સ્વાદ ચખાડી દીધો હતો

યુકો બૅંક UCO BANK (A Govt. Of India Undertaking) HONOURS YOUR TRUST

વ્યારા શાખા : સિધ્ધી શૈલ, વ્યારા, જી.તાપી– ૩૯૪૫૦ email : vyara@ucobank.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **યુકો બૅંક વ્યારા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩ (૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૩.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **શ્રી હરેશ બાબુભાઈ નાયકા અને શ્રીમતી વિનાબેન હરેશભાઈ નાયકા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂ.૧૦,૨૭,૮૬૪.૯૦/– (અંકે રૂ. દસ લાખ સત્તાવીસ હજાર આઠસો ચોસઠ નેવું પૈસા પુરા)** તા.૩૦.૧૦.૨૦૨૫ નારોજ તા.૨૯/૦૬/૨૦૨૫ સુધી વ્યાજ સહિત (બાદ કોઈ ક્રેડિટ થઈ હોય તો તે) વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયોરીટી ઈન્ટેરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **સાંકેતીક/ પ્રત્યક્ષ** કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **યુકો બૅંક વ્યારા શાખા** ની રકમ **રૂ.૧૦,૨૭,૮૬૪.૯૦/– (અંકે રૂ. દસ લાખ સત્તાવીસ હજાર આઠસો ચોસઠ નેવું પૈસા પુરા)** તા.૩૦.૧૦.૨૦૨૫ નારોજ (તા.૨૯/૦૬/૨૦૨૫ સુધી વ્યાજ સહિત) (કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ જારી કર્યા પછી જમા કરાયેલ રકમ ની અસર આપી છે) ને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

રહેણાંક નું ઘર/ફલેટ મિલકત કે જે તમામ ભાગ અને હિસ્સો ધરાવતો પ્લોટ નં. ૫૧ માપ ૪૪.૩૧૧ ચો.મી, મિલકત નો રે.સ.નં. ૧૭૧ અને ૧૭૨, બ્લોક નં. ૧૬૪, પ્લોટ નં. ૫૧, નંદનવન સોસાયટી, એગ્રીકલચલ પોલીટેકનીક કોલેજ ની સામે, જીલ્લા સેવા સદન, વ્યારા, જી. તાપી, ગુજરાત – ૩૯૪૫૦ ખાતે મિલકત શ્રી હરેશ બાબુભાઈ નાયકા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૪૬,**પશ્ચિમ તરફ** : રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૫૦, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૫૨ આવેલ છે.

તા.૧૭.૦૨.૨૦૨૬ । સ્થળ : વ્યારા **અધિકૃત અધિકારી, યુકો બૅંક**

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

બલેશ્વર શાખા : મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૭ ફોન : ૨૬૨૨–૨૬૪૨૪૭ Email : balesh@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **૧. મેસર્સ શ્રી શ્યામ ક્રિએશન (એક ભાગીદાર પેઢી)**
પ્લોટ નં. ૬, રજ્જે માળ, વિશાલ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સર્વીસ સોસાયટી લીમીટેડ, ઉધના મંગદલ્લા રોડ, ઉધના, સુરત– ૩૯૫૦૧૭
૨. શ્રીમતી નલીની અતુલ શર્મા (માલિક)
પ્લોટ નં. ૬, રજ્જે માળ, વિશાલ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સર્વીસ સોસાયટી લીમીટેડ, ઉધના મંગદલ્લા રોડ, ઉધના, સુરત– ૩૯૫૦૧૭
એ– ૫૦૧, આશીર્વાદ કોમ્પલેક્ષ, ઉમાભવન સામે, ભટાર રોડ, સુરત સીટી, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૭
૩. શ્રી અતુલ અશોકકુમાર શર્મા (જામીનદાર)
એ– ૫૦૧, આશીર્વાદ કોમ્પલેક્ષ, ઉમાભવન સામે, ભટાર રોડ, સુરત સીટી, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૭

મહેરબાનશ્રી,
વિષય : અમારી બલેશ્વર શાખા માંથી મેળવેલ કેડીટ સુવિધા.
૧) અમારા **તા.૨૮/૦૩/૨૦૨૩** ના રોજના પત્ર માં **BALESH/ADV/MSME/2022-23/5** જણાવ્યા મુજબ બૅંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી કેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને કેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/કેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધા નો પ્રકાર	લીમીટ રૂ. માં	વ્યાજનો દર	૧૧.૦૨.૨૦૨૬ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન (ખાતા નં. ૧૭૫૫૦ ૬૦૦૦૦ ૨૦૫૮)	રૂ. ૨૫,૦૦,૦૦૦/–	૯.૬૫% + ૨ % (પેનલ વ્યાજ) વાર્ષિક	રૂ.૧૯,૫૮,૯૭૨.૦૯/– (લાગુ નહી કરેલ વ્યાજ રૂ. ૧,૨૧,૦૮૭.૬૮+ અનસવડ વ્યાજ રૂ.૪૨,૪૮૩.૦૧+ ચકવૃદ્ધિ વ્યાજ રૂ.૯૬૮૭) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જસ	હાઈપોથીકેશન કરેલ બધી મશીનરી, ઈકયુપમેન્ટ, મોડેલ – Matri - 819012001, 250*550*1300 ડયુબલ સીકવન્સ અને કોર્ડીંગ સાથે, કોમ્યુટરાઈઝડ એમ્બ્રોઈડરી મશીન સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાથે, ટ્રીમર, પાવર સેર્વીંગ સર્વો મોટર્સ કે જે કેકટરી પ્રિમાયશીશ માં આવેલ છે.
કુલ :	રૂ. ૨૫,૦૦,૦૦૦/–		રૂ.૧૯,૫૮,૯૭૨.૦૯/– (લાગુ નહી કરેલ વ્યાજ રૂ. ૧,૨૧,૦૮૭.૬૮+ અનસવડ વ્યાજ રૂ.૪૨,૪૮૩.૦૧+ ચકવૃદ્ધિ વ્યાજ રૂ.૯૬૮૭) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જસ	

મિલકતની વિગત : હાઈપોથીકેશન કરેલ બધી મશીનરી, ઈકયુપમેન્ટ, મોડેલ – Matri - 819012001,250*550*1300 ડયુબલ સીકવન્સ અને કોર્ડીંગ સાથે, કોમ્યુટરાઈઝડ એમ્બ્રોઈડરી મશીન સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાથે, ટ્રીમર, પાવર સેર્વીંગ સર્વો મોટર્સ કે જે બીજો માળ, પ્લોટ નં. ૬ વિશાલ ઈન્ડસ્ટ્રીઅલ કો. ઓ. સર્વિસ સોસાયટી લી. ઉધના – મગદલ્લા રોડ, ઉધના સુરત – ૩૯૫૦૧૭. CERSAI ID: 400077412308

૧. દસ્તાવેજ મુજબ તમે **તા.૨૮.૦૩.૨૦૨૩,** ના રોજના **રૂ.૨૫,૦૦,૦૦૦/–** અને બૅંકની માર્ગદર્શિકા મુજબ અન્ય ચાર્જસ ની તમારી જવાબદારી સ્વીકારી છે. ૨. તમે જાણો છો કે તમે **જુન– ૨૦૨૫** માં પુરા થયેલ ત્રિમાસિક ગાળામાં ઉપરોકત લોન / ખાદી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **૧૦.૦૧.૨૦૨૫** ના રોજ અને ત્યાર બાદ ચુકવણી મુદતે પણ લોન / ખાદી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે. ૩. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બૅંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૯.૦૭.૨૦૨૫** ના રોજ **નોન–પરફોર્મીંગ એસેટ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મુળ રકમ અને તેના પરના વ્યાજ વગેરે ચુકવ્યા નથી. ૪. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ઠળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બૅંક પ્રત્યેની **રૂ.૧૯,૫૮,૯૭૨.૦૯/–(અંકે રૂ. ઓગણીસ લાખ અઠાવન હજાર નવસો બોત્તેર અને નવ પૈસા પુરા)** + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જસ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એકટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫.કૃપા ક